ઠંડી વધશે, ક્યાંક વરસાદ તો ક્યાંક બરફવર્ષાની આગાહી

ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદમાં બરફવર્ષાની સંભાવના : ૧૯થી ૨૧ ફેબ્રુઆરી સુધી મધ્ય અને ઉચ્ચ પર્વતીય આઠ જિલ્લામાં વરસાદ અને બરફવર્ષાનું પૂર્વાનુમાન છે

નવી દિલ્હી, તા.૧૮

પશ્ચિમી વિક્ષોભ એક્ટિવ થતાં હવામાનમાં બદલાવ આવવાની સંભાવના વધી ગઈ છે. ૧૯થી ૨૧ ફેબ્રુઆરી સુધી મધ્ય અને ઉચ્ચ પર્વતીય આઠ જિલ્લામાં વરસાદ અને બરફવર્ષાનું પૂર્વાનુમાન છે. હવામાન વિભાગના આંકડા અનુસાર, દિલ્હી- એનસીઆરના તાપમાનમાં વધારો નોંધાઈ શકે છે. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને બિહારમાં ત્ડકો નીકળશે. જેના કારણે આવનારા દિવસોમાં તાપમાન વધશે. તો વળી અમુક પહાડી રાજ્યોમાં આગામી ત્રણ દિવસ સુધી વરસાદ રહેવાની આશા છે. પશ્ચિમી વિક્ષોભમાં બદલાવ થવાના કારણે જમ્મુ કાશ્મીર અને લદ્દાખમાં ૧૮ ફેબ્રુઆરીએ હળવાથી મધ્યમ વરસાદ થશે. ત્યાર બાદ ૧૯થી ૨૧ ફેબ્રુઆરી સુધી આ રાજ્યોમાં મધ્યમ વરસાદ અને બરફવર્ષા થવાની સંભાવના છે. તો વળી હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ હળવો વરસાદ અને બરફવર્ષાનું એલર્ટ છે.

આ ઉપરાંત અંડમાન નિકોબારમાં આજથી આગામી ૫ દિવસ સુધી હળવો વરસાદ થવાની સંભાવના છે. તો વળી પૂર્વોત્તર રાજ્ય અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય અને નાગાલેન્ડમાં ૨૦ ફેબ્રુઆરીની વચ્ચે પાંચ દિવસ સુધી હળવો વરસાદ થઈ શકે છે. આવનારા દિવસોમાં દિલ્હીમાં ન્યૂનતમ તાપમાન ૩૦થી ૩૧ ડિગ્રી રહી શકે છે. તો વળી ૧૯-૨૦ ફેબ્રુઆરીએ રાજધાની દિલ્હીમાં હળવા વાદળો છવાઈ શકે છે.

સ્કાઈમેટ વેદરના રિપોર્ટ અનુસાર ઉત્તર પશ્ચિમ, મધ્ય અને પૂર્વી ભારતના મોટા ભાગના ભાગોમાં દિવસ અને રાતનું તાપમાન સામાન્યથી ઉપર રહી શકે છે. ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદમાં હળવો વરસાદ અને બરફવર્ષાની સંભાવના છે. તો વળી ઉત્તર-પશ્ચિમી મેદાની વિસ્તારમાં ૨૦થી ૩૦ કિમી પ્રતિ કલાકથી ૪૦ કિમી પ્રતિ કલાકની સ્પિડથી હવાઓ ચાલી શકે છે.જેનાથી રાજધાની દિલ્હીની વાયુ ગુણવત્તામાં સુધાર થઈ શકે છે. તો વળી દેશના બાકીના ભાગમાં આગામી ૫ દિવસ સુધી હવામાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં.

દેશભરમાં મહાશિવરાત્રીની ધામધૂમથી ઉજવણી

કરવામાં આવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પર્વની ટ્વિટ દ્વારા શુભકામના પાઠવી હતી : યોગી આદિત્યનાથે ગોરખનાથ મંદિરમાં કરી પૂજા : અમદાવાદના બિલેશ્વર મંદિરમાં શિવ ભક્તોનું ઘોડાપૂર આવ્યું

નવી દિલ્હી,તા.૧૮

મહાશિવરાત્રીનો મહાપર્વ પર અમદાવાદના બિલેશ્વર મંદિરમાં શિવ ભક્તોનું ઘોડાપૂર આવ્યું હતું. ભક્તો માટે ૧૦૦૦ લીટર ઠંડાઈના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૨,૦૦૦ થી પણ વધુ ભક્તોએ ઠંડાઈનો પ્રસાદ લીધો હતો. શહેરના શિવાલયો હર હર મહાદેવના નારાથી ગુંજી ઉઠ્યા હતા. દેશભરમાં શનિવારે મહાશિવરાત્રીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પર્વની ટ્વિટ દ્વારા શુભકામના પાઠવી હતી. ભગવાન ભોળાનાથને ભાંગ અતી પ્રિય છે. વરીયાળી, ખસખસ જેવા અનેક દ્રવ્યોથી ભાંગ તૈયાર કરવામાં આવે છે અને આ પ્રસાદ ભોળાનાથને ચડાવવામાં આવે છે. વર્ષમાં માત્ર એક વખત ભાંગનો પ્રસાદ ચડે છે મહાદેવને, અત્યારે ભવનાથ ખાતે પણ મુંચકુંડમાં ભાંગ બનાવવામાં આવી રહી છે. રાજકોટના રામનાથ, મહાદેવ પંચનાથ, ધારેશ્વર, જાગનાથ, ઈશ્વરીયા મહાદેવ સહિતના પૌરાણિક મંદિરોમાં સવારથી જ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. રાજકોટના પંચનાથમાં ભાંગ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. બપોરના સમયે મોટી સંખ્યામાં કતાર બંધ લોકો ભાંગ પ્રસાદ લીધો હતો. ધારેશ્વર મંદિરમાં સવારથી જ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. મહાશિવરાત્રીના અવસરે પ્રાર્થના કરવા માટે તમિલનાડુના રામેશ્વરમમાં રામનાથસ્વામી મંદિરમાં ભક્તોએ વહેલી સવારથી જ લાઈનો લગાવી હતી. વડોદરામાં સુરસાગર સ્થિત સુવર્ણ મઢીત સર્વેશ્વર મહાદેવની શિવજીની પ્રતિમાનું શનિવારે અનાવરણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સી.આર પાટીલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ૧૧૧ ફૂટ ઊંચી સર્વેશ્વર મહાદેવની પ્રતિમાને સુવર્ણ મઢીત કરાઈ છે. દેવાધિદેવ મહાદેવને રિઝવવા માટે ભક્તો આજે શિવજી પર બીલીપત્ર, બિલ્વ ફળ અને ધતુરો અર્પણ કરશે, પ્રતીકાત્મક ભાંગનો પ્રસાદ ગ્રહણ કરશે. વડોદરામાં શિવરાત્રી નિમિત્તે શિવ મંદિરોમાં બાર પ્રહરની પૂજા થશે. મહાશિવરાત્રીના અવસરે પ્રાર્થના કરવા માટે અમૃતસરના 'શિવાલા બાગ ભૈયાન' મંદિરમાં ભક્તોએ વહેલી સવારથી ભીડ લગાવી છે. મહાદેવને જળાભિષેક કરી ભક્તોએ ધન્યતા અનુભવી. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ મહાશિવરાત્રીનો તહેવાર છે. આ તહેવાર ભગવાન શિવ અને માતા પાર્વતીના સંગમનું પ્રતીક છે. આ દિવસે એકાંત જીવનનો ત્યાગ કરીને ભગવાન શિવે વરરાજા બનીને દેવી પાર્વતી સાથે લગ્ન કર્યા હતા. એવી પણ માન્યતા છે કે આ દિવસે વિશ્વ પ્રસિદ્ધ ૧૨ જ્યોતિર્લિંગ પ્રગટ થયા હતા.

મહાશિવરાત્રી પર્વ પર દેશના અગ્રગણ્ય ઉદ્યોગપતિ

મુકેશ અંબાણી- આકાશ અંબાણીએ સોમનાથ મહાદેવના દર્શન અને પૂજન કર્યા

મુકેશ અંબાણીએ મહાશિવરાત્રી પર સોમનાથ મંદિરને ૧.૫૧ કરોડનું અનુદાન કર્યું

સોમનાથ, ૧૮

મહાશિવરાત્રીના પાવન પર્વ પર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી મુકેશભાઈ અંબાણી તેમજ તેમના પુત્ર અને રિલાયન્સ ઈંના ચેરમેન શ્રી આકાશભાઈ અંબાણી સોમનાથ મહાદેવના દર્શને પધાર્યા હતા. શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પી.કે લહેરી અને ટ્રસ્ટના સચિવ શ્રી યોગેન્દ્રભાઈ દેસાઈ દ્વારા તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

શ્રી મુકેશભાઈ અંબાણી અને શ્રી આકાશભાઈ અંબાણીએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. સાથે તેઓએ જલાભિષેક કરી સોમનાથ મહાદેવને પૂજા સામગ્રી પણ અર્પણ કરી હતી. સોમનાથ ટ્રસ્ટના પૂજારી શ્રી દ્વારા તેઓનું ચંદન અને ઉપવસ્ત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ તકે શ્રી મુકેશભાઈ અંબાણીએ સોમનાથ મહાદેવની મહાપૂજા, સોમેશ્વર પૂજા, ધ્વજા પૂજા ના સંકલ્પ કરી પૂજામાં ભાગ લીધો હતો. તેમજ શ્રી મુકેશભાઈ અંબાણી દ્વારા શ્રી સોમનાથ ટ્રસ્ટને ૧.૫૧ કરોડનું અનુદાન આપવામાં આવ્યું હતું.

કડીમાં લગ્ન પ્રસંગે ચલણી નોટોનો કરાયો વરસાદ

૫૦૦-૫૦૦ની નોટો પકડવા દોડધામ : મકાનના ધાબે ચડી લોકો નાણાં ઉડાવતા જોવા મળ્યાં, ૫૦૦ રૂપિયાની નોટ પકડવા લોકોમાં પણ દોડધામ

મહેસાણા, તા.૧૮

ફરી એક વખત લગ્નમાં નોટોનો વરસાદ કરાયો હોવાની ઘટના સામે આવી છે. કડી તાલુકાના અગોલ ગામની આ ઘટના છે, જ્યાં પૂર્વ સરપંચના ભત્રીજાના લગ્નમાં ચલણી નોટોનો વરસાદ કરાયો હતો. અહીં વરઘોડામાં ચલણી નોટો ઉડાવવામાં આવી હતી. જ્યારે લોકો પણ નોટો પકડવા દોડધામ કરી રહ્યા હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા. આ ઘટના કડી તાલુકા અગોલ ગામની છે. જ્યાં પૂર્વ સરપંચના ભત્રીજાના લગ્નમાં ચલણી નોટોનો વરસાદ કરાયો હતો. વરઘોડામાં ૫૦૦ અને ૧૦૦ની નોટ ઉડાવવામાં આવી હતી. અગોલ ગામના પૂર્વ સરપંચ કરીમભાઈ જાદવના ભત્રીજાના લગ્ન હતા. વરઘોડામાં લોકોએ લાખો રૂપિયા ઉડાવ્યા હતા. મકાનના ધાબે ચડી લોકો નાણાં ઉડાવતા જોવા મળ્યાં હતા. જ્યારે ૫૦૦ રૂપિયાની નોટ પકડવા લોકોમાં પણ દોડધામ કરી રહ્યા હતા. સામાન્ય રીતે ડાયરામાં નોટોનો વરસાદ કરાતો હોય તેવું સામે આવતું હોય છે. પરંતુ ઘણી વખત લગ્નની ખુશીમાં પણ લોકો ચલણીનો નોટોનો વરસાદ કરતાં નજરે પડે છે. કડીમાં પણ કંઈક આવું જ બન્યું છે. અહીં પૂર્વ સરપંચના ભત્રીજાના લગ્નમાં ચલણી નોટોનો વરસાદ કરાયો હતો. વરઘોડામાં ૧૦-૨૦ની નહીં પરંતુ ૫૦૦-૫૦૦ની નોટો ઉડાવવામાં આવતાં લોકોએ પણ તેને પકડવા દોડધામ કરી હતી. ૫૦૦ રૂપિયાની નોટ પકડવા લોકોમાં પણ દોડધામ મચી હતી.

અમદાવાદ-રાજકોટ હાઈવે પર ૧૪૦૦ કિલો ચાંદીની લૂંટ

રાજ્યમાં લૂંટની મોટી ઘટનાથી તંત્ર દોડતું થયું : વાહન મળી આવ્યું : પોલીસે નાકાબંધી કરી

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં મોટી લૂંટના સમાચાર સામે આવ્યા છે. જેમા સુરેન્દ્રનગરમાં લાખોની લૂંટની ઘટનાથી ચકચાર મચી ગઈ છે.આજે સવારે અમદાવાદ- રાજકોટ હાઈવે પર ૧૪૦૦ કિલો ચાંદીની લૂંટ થઈ હોવાનુ જાણવા મળ્યુ છે. જેના પગલે પોલિસે નાકાબંધી કરી છે. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ સરેન્દ્રનગરના સાયલા પાસે ૧૪૦૦ કિલો ચાંદી સાથે વાહનની લૂંટ કરી અજાણ્યા શખ્શો ભાગી ફરાર થઈ ગયા છે.

સુરેન્દ્રનગરમાં લાખોની લૂંટની ઘટનાથી ચકચાર મચી ગઈ છે. અમદાવાદ- રાજકોટ હાઈવે પર પોલિસ દ્વારા નાકાબંધી કરવામાં આવી છે. પાપ્ત વિગતો મુજબ આ લૂંટારુઓ ૧૪૦૦ કિલો ચાંદી લઈ ફરાર થઈ ગયા હતા અને આ વાહન થોડે દુરથી મળી આવ્યુ હતું. ઘટનાની જાણ બાદ ડીએસપી, ડીવાયએસપી, એલસીબી, એસઓજી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળ પર આવી પહોંચ્યો હતો. આ સાથે તાત્કાલિક અસરથી લૂંટારૂઓને ઝડપી લેવા માટે સમગ્ર જિલ્લામાં નાકાબંધી કરી દેવામાં આવી છે.

તલાટીની ભરતી પરીક્ષા બે તબક્કામાં યોજાય તેવી વકી

ઉમેદવારની સંખ્યાને ધ્યાનમાં લઈ સરકારની વિચારણા

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા બે દિવસ પહેલા જુનિયર ક્લાર્કની પરીક્ષા માટેની સંભવિત તારીખ જાહેર કરવામાં આવી હતી. જે બાબતે ગઈકાલ હસમુખ પટેલ દ્વારા ટ્વિટ કરીને તલાટીને લેખિત પરીક્ષાની સંભવિત તારીખ ૨૩ એપ્રિલ જાહેર કરવામાં આવી છે. પરંતુ તે માટે પુરતા કેન્દ્રો ઉપલબ્ધ છે કે કેમ તેની વિગતો મંગાવવામાં આવી હોવાની વાત કરી છે. અને આ વિગતો આવ્યા બાદ નવી તારીખ જાહેર કરવાની વાત કરી હતી. જોકે સમાચાર પ્રમાણે ઉમેદવારની સંખ્યાને ધ્યાનમાં લઈ સરકારની વિચારણા છે તેથી તલાટીની ભરતી પરીક્ષા બે તબક્કામાં યોજાય તેવી સંભાવના છે. ગુજરાતમાં સતત પેપર ફૂટવાની ઘટનાને રોકવા માટે સરકાર કડક કાયદો બનાવવાની સાથે પરીક્ષાની ભરતી પ્રક્રિયામાં પણ મોટા ફેરફાર કરવાની વિચારણા કરી રહી છે. અને તે માટે નિષ્ણાંતોના અભિપ્રાય લેવામાં આવી રહ્યા છે. પેપર લીકની ઘટનાઓ રોકવા માટે કડક કાયદો બનાવવા માટે આગામી બજેટ સત્રમાં બીલ લાવે તેવી સંભાવના વર્તાઈ રહી છે. જેમાં પેપર લીક કરનાર અને પેપર લીકની ઘટના સાથે સંકાળેયેલા લોકો સામે કડક પગલા ભરાય અને તેમને સજા મળે તેવી જોગવાઈઓ કરવા માટે આગામી બજેટ સત્રમાં બીલ પાસ કરવામાં આવશે.

આ સિવાય ભરતી પ્રક્રિયામાં પણ મોટા ફેરફાર કરવામાં આવશે. જેમાં નગરપાલિકાઓ દ્વારા યોજવામાં આવતી ભરતી પણ રાજ્ય સરકાર દ્વારા યોજવામાં વિચારણા ચાલી રહી છે.

હસમુખ પટેલ દ્વારા ટ્વિટ કરીને તલાટીને લેખિત પરીક્ષાની સંભવિત તારીખ ૨૩ એપ્રિલ જાહેર કરવામાં આવી છે. પરંતુ તે માટે પુરતા કેન્દ્રો ઉપલબ્ધ છે કે કેમ તેની વિગતો મંગાવવામાં આવી હતી. જે બાબતે મળતા સમાચાર પ્રમાણે ઉમેદવારની સંખ્યાને ધ્યાનમાં લઈ સરકારમાં નવી વિચારણા ચાલી રહી છે કે તલાટીની ભરતી પરીક્ષા બે તબક્કામાં યોજાવી.

ત્યાર બાદ પ્રથમ તબક્કામાં પાસ થનાર ઉમેદવાર બીજી પરીક્ષા આપી શકશે તેવી નવી યોજના બનાવી રહી છે. આ સાથે નવી ભરતી પ્રક્રિયા બાબતે નવી પોલીસી બનાવવાની તૈયારી શરુ કરી દેવામાં આવી છે. અને આગામી સમયમાં તલાટીની ભરતી પરીક્ષા બે તબક્કામાં યોજાય તેવી સંભાવના છે.

સુરતમા દેશનુ પહેલુ ઓટોમેટિક વ્હિકલ ફિટનેસ સેન્ટર ચાલુ કરાયું

દેશનું પ્રથમ ઓટોમેટીક વ્હીકલ ફિટનેસ સેન્ટર શરૂ : રાજ્યોમાં કુલ ૮૦ જેટલા ફિટનેસ સ્ટેશન મળી કુલ ૧૦૦ ફિટનેસ સ્ટેશન બનાવવાના લક્ષ્યાંક નક્કી કરાયો છે

સુરત,તા.૧૮

સુરતમાં દેશનું પહેલું ઓટોમેટિક વ્હિકલ ફિટનેસ સેન્ટર ચાલુ કરાયું છે. વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ સુરત ખાતે શરૂઆત કરાવી છે. આગામી દિવસોમાં ગુજરાતમાં કુલ ૨૦ નવા ફિટનેસ સેન્ટર શરૂ થશે. ત્યારે આગામી દિવસોમાં દેશભરમાં કુલ ૧૦૦ ફિટનેસ સ્ટેશન ચાલુ થવાના છે. કેન્દ્ર સરકારે સ્કેપ પોલીસી જાહેર કર્યા બાદ પહેલું સ્ટેશન શરૂ કરાયું.

સુરત સહિત ગુજરાતમાં ૧૦ જગ્યાએ કંપની દ્વારા માર્ચ મહિનાના અંત સુધી ફિટનેસ સ્ટેશનોની શરૂઆત થઈ જશે. બીએનડી કંપની દ્વારા રાજ્યમાં ૨૦ જેટલા ફિટનેસ સ્ટેશનની શરૂઆત કરવાનો લક્ષ્યાંક છે. બીએનડી કંપની દ્વારા ભારતભરમાં અલગ અલગ રાજ્યોમાં કુલ ૮૦ જેટલા ફિટનેસ સ્ટેશન મળી કુલ ૧૦૦ ફિટનેસ સ્ટેશન બનાવવાના લક્ષ્યાંક નક્કી કરાયો છે.

ભારત સરકાર દ્વારા અલગ અલગ ફિટનેસ ચાર્જ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં અલગ અલગ વાહન પ્રમાણે અલગ અલગ દર નક્કી કરવામાં આવ્યા છે. જેમાં ટુ વ્હીલર, ફોર વ્હીલર તેમજ હેવી વાહનો માટે અલગ અલગ પૈસા નક્કી કરવામાં આવ્યા છે. ત્યારે પોર્ટલ ઉપર જ બીએનડી કંપનીએ કામ કરવાનું છે અને તે પોટલ ઉપરથી જ વાહનનું સર્ટીફિટેક આપવામાં આવશે.

બોગસ જીએસટી બિલિંગના કૌભાંડ મામલે બેની ધરપકડ

શહેરોમાં પેઢીઓમા જીએસટીની ટીમ દ્વારા તપાસ : રાજ્યમાં ચાર મોટા શહેરોમાં ૧૦૦ કરતા વધુ પેઢીઓ પર ટીમ ત્રાટકી, કરોડોના બેનામી ટ્રાન્ઝેક્શન સામે આવ્યા

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં બોગસ જીએસટી બિલિંગના કૌભાંડ મામલે ભાવનગરના ૨ માસ્ટરમાઈન્ડની ધરપકડ કરવામાં આવી છે. આ અગાઉ રાજ્યના અલગ અલગ શહેરોમાં પેઢીઓમા જીએસટીની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી જેમાં કરોડોના બેનામી ટ્રાન્ઝેક્શન સામે આવ્યા હતા.

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી બોગસ બિલિંગના કિસ્સાઓ વધી રહ્યા છે. આ મામલે બેદિવસ પહેલા રાજ્યમાં ચાર મોટા શહેરોમાં ૧૦૦ કરતા પણ વધુ પેઢીઓ પર જીએસટીની ટીમ ત્રાટકી હતી અને તપાસ હાથ ધરવામાં આવી હતી. આ મામલામાં ભાવનગરના બે માસ્ટરમાઈન્ડની ધરપકડ કરવામાં આવી છે. આ તપાસ દરમિયાન અનેક બાબતો સામે આવી હતી. આ ભેજાબાજ સ્થળ છુપાવવા માટે હેન્ડલર્સ પ્રોક્સી સર્વરનો ઉપયોગ કરતા હતા. આ ઉપરાંત જૂદા જૂદા રાજ્યોમાં ખોટી પેઢીઓ બનાવી ૮૦૨ કરોડના બિલિંગ બનાવ્યા હતા અને ૧૧૪ કરોડની જીએસટીની કરચોરી કરતા હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

રાજ્યમાં ચાલી રહેલા વ્યાપક જીએસટી બિલિંગના કૌભાંડમાં આજે બે માસ્ટર માઈન્ડની ધરપકડ કરવામાં આવી છે. આ પહેલા રાજ્યની એસજીએસટી ટીમે પોલીસની સાથે રહીને અમદાવાદ, આણંદ, ભાવનગર અને રાજકોટ ખાતે અંદાજે ૧૦૦ કરતા વધારે પેઢીઓમાં તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ૪ હજાર કરોડના બેનામી ટ્રાન્ઝેક્શન સામે આવ્યા હતા. આ ઉપરાંત કૌભાંડીઓ આધાર નંબર મેળવીને તેમાં મોબાઈલ નંબર બદલીને તેના નામે ખોટી પેઢી ઉભી કરતા હતા. છેલ્લા છ મહિનાના ગાળામાં જ અદાજે ૧૫૦૦ જેટલા મોબાઈલ નંબર બદલીને ૪૭૦ જેટલા જીએસટી રજિસ્ટ્રેશન મેળવવમાં આવ્યા હતા.

ટોપ-૧૦માં

● અનુસંધાન પહેલાનું ચાલુ

અંદર જ દિલ્હી ફરી એક વાર દુનિયાના ૧૦ સૌથી પ્રદૂષિત શહેરોમાં સામેલ થઈ ગયુ અને તે પણ બીજા નંબરે.

તાજેતરના આંકડા અનુસાર દિલ્હીમાં હવા સતત ખરાબ થતી જઈ રહી છે. ગુરૂવારની સાંજે ૬ વાગે રાજધાની દિલ્હી દુનિયાના સૌથી પ્રદૂષિત શહેરોમાં બીજા ક્રમે પહોંચી ગયુ. આ લિસ્ટમાં દિલ્હી બાદ કલકત્તા અને મુંબઈ રહ્યા.

૧૩ ફેબ્રુઆરીએ દિલ્હી છેલ્લી વખત ટોપ ૧૦ પ્રદૂષિત શહેરોની યાદીમાંથી બહાર રહ્યુ હતુ. જેનું કારણ જાન્યુઆરીના અંતિમ દિવસોમાં વરસાદ પડ્યો તે હતુ. વરસાદ બાદ ફેબ્રુઆરીના ઝડપી પવનોએ પણ રાજધાનીમાં પ્રદૂષણને ઓછુ કર્યુ પરંતુ હવે દિલ્હીમાં ફરી એક વાર પ્રદૂષણમાં વધારો થઈ રહ્યો છે.

રીસરફેસીંગ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાનિકો દ્વારા અવારનવાર રજુઆતો પણ કરવામાં આવી રહી છે. જયારે સે- ૧૦ અને સે-૧૧ માં પણ ઘણાં સમયથી આંતરિક માર્ગોનુ રીસરફેસીંગ કામ કરવા માટે પણ ખર્ચને મંજુરી આપી દેવામાં આવી છે. આ કામગીરી અન્વયે અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ કરાશે. જો કે આ કામ સરકારી પ્લાન્ટ આધારિત કરવાનુ હોવાથી નજીકના દિવસોમાં જ માર્ગોના રીસરફેસીંગનુ કામ શરૂ કરી દેવાશે આ બન્ને સેકટરોમાં અંદાજિત ૧૧ કી મી ના માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવશે

શહેરના સે- ૧૦ માં બોર્ડ નિગમની અનેકવિધ કચેરીઓ કાર્યરત છે. જયારે સે-૧૧ માં પણ કોર્મશિયલ વિસ્તાર હોવાથી ટ્રાફિકનો વિશેષ ધમધમાટ જોવા મળે છે આવા સંજોગોમાં સે-૧૧ માં પાર્કીંગ વ્યવસ્થાના નામે પણ મીંડુ છે. વધતા દબાણો વચ્ચે આંતરિક માર્ગો પર વચાળે જ વાહનો પાર્ક થાય છે આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતીનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો છે. ત્યારે માર્ગ સુધારણાની સાથે પાર્કીંગ અને દબાણ સહીતની સમસ્યાઓનુ પણ નિવારણ આવે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે.

અલાયદુ ભવન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેર માટે જો અલગ મામલતદારની જગ્યાને સરકાર તરફથી મંજૂરી મળે તો તે કચેરી પણ નવા સંકુલમાં શરૂ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. કચેરીમાં વાહનપાર્કિંગ સહિતની સુવિધાઓ હશે.

નિર્માણાધીન આ બિલ્ડીંગમાં ઓફિસ ફર્નિચર સહિતની કામગીરી પણ મે ના પ્રથમ સપ્તાહમાં પૂરી કરી દેવાશે અને આ પછી કચેરીનો કબ્જો સોંપવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ